# Government Arts College, Kaparada

## સરકારી વિનયન કોલેજ, કપરાડા

મુ. પો. – કપરાડા નિશાળ ફળિયા, પાણીની ટાંકી પાસે તા.–કપરાડા જી.–વલસાડ, પિનકોડ નં.. ૩૯૬૦૬૭

સ્થાપના વર્ષ : ૨૦૧૨ ઇ – મેઇલ : gackaparada@gmail.com, URL:www.kaparadacollege.org


---

GACK/2023/ DATE : 24/08/2023

સરકારી વિનયન કોલેજ કપરાડા, જી.વલસાડ. આવક નં. 172 [uncertain handwritten reading] તારીખ 26/08/2023 [uncertain handwritten reading]

**<u>રૂસા કમ્પોનન્ટ – 9 (ઇક્વિટિ ઇનિશિએટિવ) જેન્ડર સેન્સીટાઇઝેશન કેમ્પઇન કાર્યક્રમનો અહેવાલ</u>**

રૂસા કમ્પોનન્ટ - 9 અંતર્ગત જેન્ડર સેન્સીટાઇઝેશન કેમ્પઇન અંતર્ગત "સમાજના તમામ વર્ગોનો ઉત્કર્ષ અને તેના સામાજિક પ્રશ્નોનું નિવારણ તથા સમાનતાના વાતાવરણનું નિર્માણ" અંગે કોલેજના આચાર્યશ્રી ડૉ. ડી.એન.દેવરી સાહેબના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં રિસોર્સ પર્સન તરીકે સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, ભીલાડના આચાર્યશ્રી ડૉ. કાશીરામ એ. ભોયે સાહેબને નિમંત્રિત કરવામાં આવેલ. કાર્યક્રમની શરૂઆતમાં રૂસા કોર્ડિનેટર ડૉ. પી. બી. કુરકુટિયાએ કાર્યક્રમમાં ઉપસ્થિત મહેમાનશ્રી, આચાર્યશ્રી તેમજ અધ્યાપકશ્રીઓ અને વિદ્યાર્થીઓને આવકારીને કાર્યક્રમની શરૂઆત કરી. ત્યારબાદ આચાર્યશ્રી દ્વારા પ્રાસંગિક ઉદ્-બોધન કરવામાં આવ્યું. ડૉ. કાશીરામભાઈ એ. ભોયે સાહેબએ પોતાના વ્યાખ્યાનની શરૂઆત આપણા દેશમાં રહેલી વસુધૈવ કુટુંમ્બકની ભાવનાનો ઉલ્લેખ કરી તેની પ્રશંસા કરી. ત્યારબાદ તેમણે જણાવ્યું કે સમાનતાનું કાર્ય કપરું છે પણ અઘરું નથી. જો પ્રત્યેક વ્યક્તિની હ્રદય ભાવના વિસ્તૃત બને તો આ કાર્ય સફળ બની શકે. આખા વિશ્વમાં માત્ર 06 દેશોમાં જ સ્ત્રી-પુરૂષ સમાનતા છે. જ્ઞાતિ વિશે વાતો કરતા કહ્યું કે આપણો સમાજ અનેક જ્ઞાતિ અને પેટાજ્ઞાતિમાં અને ધર્મમાં વહેંચાયેલો છે. અને દરેક જ્ઞાતિ પોતાની અલગ અલગ લાક્ષણિકતાઓ, વિશેષતા સાથે પોતાનું જીવન જીવી રહી છે. દરેક સમાજની પોતાની લોકનીતિ અને રીતિ હોય છે અને તેને અનુસરીને તેઓ જીવન યાપન કરતા હોય છે. આપણા સમાજને પહેલાંથી જ ચાર બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર વર્ગોમાં વિભાજીત કરવામાં આવેલ છે. તેમણે ડૉ. ગોવિંદસદાશિવ ધુરિયેના જ્ઞાતિવાદ સંબંધી લક્ષણોની ચર્ચા કરી હતી. જાતિ આધારિત વ્યવસાયો તથા વ્યક્તિમત્તા વિશે પણ માહિતિ આપેલ. વિવિધ સમાજમાં વ્યાપ્ત લિંગ અને જાતિગત ભેદભાવો વિશે જાણકારી આપેલ. તેમણે જૈવિકતા, સામાજીક આધાર, પ્રાંતવાદ, ભાષા અને બોલીવાદ, ધાર્મિકવાદ, પંથવાદ, શ્રદ્ધા-અંધશ્રદ્ધા, કુરિવાજો, બેકારી, ભિક્ષાવૃત્તિ, અશ્પૃસ્યતા, નશાખોરી જેવા અનેક મુદ્દાઓને આવરી વિદ્યાર્થીઓને એવી કુરીતિઓને નાથવા અપીલ કરી હતી જેથી સમાજના તમામ વર્ગોનો ઉત્કર્ષ કરી શકાય.

Nodal Officer (RUSA)
Govt. Arts College,Kaparada,
Ta.Kaparada, Dist.Valsad.

Govt. Arts College-Kaparada * Dist.Valsad *

Principal
Govt. Arts Collage, Kaparada
Ta.Kaparada, Dist.Valsad